BUSINESS મિત્ર

ઇરાન-અમેરિકા તણાવ વધવાના ડરે શેરબજાર ધ્રુજ્યું

નિફ્ટી 23200ની નીચે, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2 લાખ કરોડનો ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11 : ભારતીય શેરબજારમાં આજે બીએસઇ વીકલી એક્સપાયરી હોવાથી બજારમાં બેઉતરફી વધઘટનો માહોલ જોવાયો હતો, બજારના સેશનના અંતિમ તબક્કામાં ઇરાને અમેરિકા સામેના યુદ્ધનુ ફરીથી બ્યુગલ વગાડ્યું છે અને આ વખતે અમેરિકાના બદલે મીડલ ઇસ્ટ તરફ હુમલા કરવાની ધમકી આપતા રોકાણકારોના સેન્ટિમેન્ટમાં ફરીથી ગભરાટ ફેલાયો હતો. જેના લીધે નિફ્ટી 23200ની સપાટી તોડી નાખી હતી. અને રોકાણકારોની સંપત્તિને રૂ. બે લાખ કરોડનું નુકશાન થયું હતું.

સેકટર વાઇઝ જોઇએ તો આઇટી, કન્ઝયુમર ડયુરેબલ્સ અને એફએમસીજી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મીડિયા, ફાર્મા અને ખાનગી બેન્ક શેરોમાં વધારો થયો હતો. બ્રોડર માર્કેટમાં પણ પાછળથી વેચવાલી હાવી રહી હતી.

બીએસઇ સેન્સેક્સ 150.63 પોઇન્ટ એટલે કે 0.2 ટકા ઘટીને 73832.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં 74394 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 73518 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 53.35 પોઇન્ટ એટલે કે 0.23 ટકા ઘટીને 23161.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23327 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23072 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 76.45 પોઇન્ટ વધીને 55176.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે નીવા બુપા હેલ્થ ઇન્સ્યોરેન્સમાં 39.73 ગણા, મેરીકો લિ.માં 13.5 ગણા, આવાસ ફાઇ.માં 7.71 ગણા, બ્લુ જેટ હેલ્થકેરમાં 7.5 ગણા, કોહાન્સ લાઇફસાયન્સીસમાં 6.1 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એજીસ લોજીસ્ટીકમાં 15.67 ગણા, બ્લુજેટ હેલ્થકેરમાં 9.96 ગણા, હોનાસા કન્ઝયુમરમાં 8.8 ગણા, ડોમ્સ ઇન્ડ.માં 7.86 ગણા, આવાસ ફાઇ.માં 5.41 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ નબળું પ્રદર્શન કરતા જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.83 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.72 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 1386 શેરો વધ્યા હતા, જ્યારે 2800 શેરો ઘટ્યા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.62 ટકા ઘટ્યા હતા. જે છેલ્લા સાત ટ્રેડિંગ સેશનમાં 11.64 ટકા ઘટ્યા હતા. જેમાં ઇન્ફોસીસ, ઓરેકલ ફાઇ. સર્વિસીસ સોફટવેર, એચસીએલ ટેકનો, ટેક મહિન્દ્રા, પરસીસ્ટન્ટ સીસ્ટમ, વિપ્રો, ટીસીએસ, એમફાસીસ અને કોફોર્જ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર 402 પોઇન્ટ સુધર્યો હતો, જેના લીધે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવા સંકેત રહ્યા હતા. જેના લીધે યુરોપિયન બજારોમાં તણાવ જોવા મળ્યું હતું. ઇસીબી દ્વારા વ્યાજદર વધવાની સંભાવના છે. જ્યારે યુએસ અને ઇરાન વચ્ચે વધતા તણાવના કારણે જોખમની ભૂખને નિયંત્રણમાં રાખવામાં આવી હતી. યુએસ અને ઇરાન તણાવને નવીકરણ કર્યા પછી વોલસ્ટ્રીટના વેચાણ દ્વારા રોકાણકારોના સેન્ટિમેન્ટને ઘટાડવામાં આવ્યા હોવાથી એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.91 ટકા, કેક 0.85 ટકા અને ડેક્સ 0.06 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારમાં નીક્કી 0.10 ટકા, હેંગસેંગ 0.79 ટકા, તાઇવાન 0.18 ટકા, જકાર્તા 0.28 ટકા અને શાંઘાઇ 0.16 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે કોસ્પી 0.43 ટકા અને સ્ટ્રેઇટસ 0.59 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-150.53	73832.55
નિફ્ટી	-53.35	23161.60
બેન્ક નિફ્ટી	76.45	55176.75

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ICICIબેન્ક	1.83	1317.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.64	1000.90
કોટક મહિન્દ્રા બેન્ક	1.35	393.35
જેએસડબલ્યુ સ્ટીલ	0.98	1282.30
ગ્રાસીમ ઇન્ડ.	0.60	3089.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.68	1114.60
એચસીએલ ટેકનો	1.93	1110.20
ઇટર્નલ	1.92	235.20
અદાણી પોર્ટસ	1.87	1787.10
ટ્રેન્ટ	1.59	2710.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ICICI બેન્ક	1.87	1317.40
મહિન્દ્રા-મહિન્દ્રા	1.67	3001.20
કોટક મહિન્દ્રા બેન્ક	1.11	392.30
સન ફાર્મા	0.65	1798.80
ભારતી એરટેલ	0.38	1782.15

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.71	1114.00
એચસીએલ ટેકનો	1.95	1110.00
અદાણી પોર્ટસ	1.91	1787.30
ઇટર્નલ	1.82	235.25
બજાજ ફાઇનાન્સ	1.56	870.30

કરન્સી બજાર- ડોલર ઇન્ડેક્સ 100ને પાર, ડોલર 48 પૈસા ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11: મીડલ ઇસ્ટમાં તણાવ વધતો રહ્યો હોવાથી ડોલર ઇન્ડેક્સ 100ને પાર નીકળી ગયો છે. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 48 પૈસા તુટીને 95.76ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.28ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.06, પાઉન્ડ 127.68, કેનેડિયન ડોલર 68.40, ઓસ્ટ્રેલિયન ડોલર 67.03, જાપાનીઝ યેન 0.5965 અને સીંગાપોર ડોલર 74.23ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.76 રૂ.
યુરો	110.06 રૂ.
પાઉન્ડ	127.68 રૂ.
યેન	0.5966 રૂ.

ઓટો કંપનીઓ ઈવી વિસ્તરણ પર 24 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરશે

ક્રુડના વધી રહેલા ભાવના લીધે ઇવી સ્કુટરની સાથે હવે ઇવી કારની માગમાં વધારો થશે: ક્રિસિલ

નવી દિલ્હી, તા. 11: ભારતમાં ઈલેક્ટ્રિક કારનો સ્વીકાર વધતા જતાં પેસેન્જર વ્હીકલ ઉત્પાદકો મોટા પાયે રોકાણની તૈયારી કરી રહ્યા છે.

ક્રિસિલ રેટિંગ્સના એક અહેવાલ મુજબ, ચાલુ નાણાકીય વર્ષ અને આગામી નાણાકીય વર્ષ દરમિયાન પેસેન્જર વ્હીકલ કંપનીઓ દ્વારા પ્રસ્તાવિત 60000 કરોડ રૂપિયાના કેપેક્સમાંથી, ઈલેક્ટ્રિક વાહન વિસ્તરણ પર 24000 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થવાની સંભાવના છે.

મે 2026 સુધીના ત્રણ મહિનામાં ઈલેક્ટ્રિક ફોર-વ્હીલરનું સરેરાશ માસિક વેચાણ લગભગ 40 ટકા વધીને 26000 યુનિટ થયું છે. તેમનો બજાર હિસ્સો નાણાકીય વર્ષ 2026ની સરેરાશ 4.6 ટકાથી વધીને 6.1 ટકા થયો છે.

ક્રિસિલનું માનવું છે કે, ટૂંકા ગાળાના અવરોધો હોવા છતાં, ઈલેક્ટ્રિક કારની લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ મજબૂત છે. ઈલેક્ટ્રિક ફોર-વ્હીલર્સનું વેચાણ પાછલા નાણાકીય વર્ષમાં લગભગ 2.2 લાખ યુનિટથી વધીને આગામી નાણાકીય વર્ષ સુધીમાં 5 લાખ યુનિટ થવાની ધારણા છે. આ તેમના 8-10 ટકાના બજાર હિસ્સા સુધી પહોંચવાનો અંદાજ છે.

છેલ્લા બે નાણાકીય વર્ષોમાં, ઈલેક્ટ્રિક કાર મોડેલોની સંખ્યા બમણી થઈને લગભગ 20 થઈ ગઈ છે. આગામી નાણાકીય વર્ષ સુધીમાં આ સંખ્યા 35 થી વધુ થવાની ધારણા છે કારણ કે 15 લાખ રૂપિયાથી ઓછી કિંમતના સેગમેન્ટમાં ઘણા નવા મોડેલો લોન્ચ થવા જઈ રહ્યા છે. પ્રીમિયમ ઈલેક્ટ્રિક વાહનો હવે એક જ ચાર્જ પર 500થી 700 કિમીની રેન્જ ઓફર કરી રહ્યા છે, જ્યારે મિડ-રેન્જ મોડેલો 300થી 450 કિમી સુધી દોડી શકે છે.

રિપોર્ટ અનુસાર, પ્રોડક્ટ ઈનોવેશન અને મોટા પાયે ઉત્પાદનની કાર્યક્ષમતાને કારણે છેલ્લા બે નાણાકીય વર્ષમાં ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી કિંમતમાં 10-15 ટકાનો ઘટાડો થયો છે.

જો કે, ક્રિસિલે ચેતવણી આપી છે કે ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં વધારો કરવાનો અર્થ એ નથી કે ઓટોમેકર્સની નફાકારકતા પણ તરત જ વધશે.

જોકે, ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ નજીકના ગાળામાં કંપનીઓના માર્જિન પર દબાણ લાવી શકે છે. જેમ જેમ વેચાણમાં વધારો થાય છે અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો થાય છે, તેમ તેમ માર્જિનમાં પણ ધીમે ધીમે વિસ્તરણ જોવા મળશે.

વિપ્રોનો રૂ. 15000 કરોડનો બાયબેક ખુલી ગયો

કંપની રૂ. 250ના ભાવે 60 કરોડ શેર પરત ખરીદશે

મુંબઈ, તા. 11: આઈટી કંપની વિપ્રોની શેર બાયબેક ઓફર આજે 11 જુનથી ખુલ્યો છે. કંપની રૂ. 15000 કરોડ રૂપિયાનો શેર બાયબેક કરી રહી છે. આ અંતર્ગત તે તેના શેરહોલ્ડરો પાસેથી 60 કરોડ શેર પાછા ખરીદશે. રેકોર્ડ તારીખ 5 જુન, 2026 હતી. જેમના નામ આ તારીખે શેરના લાભદાયી માલિકો તરીકે કંપની અથવા ડિપોઝિટરીઝના સભ્યોના રજિસ્ટરના રેકોર્ડમાં છે તેઓ બાયબેકમાં ભાગ લેવા માટે પાત્રબનશે. આ સંદર્ભમાં વિપ્રોની બાયબેક ઓફર 17 જુને બંધ થશે. બાયબેકના મેનેજર જેએમ ફાઈ. છે. રજિસ્ટ્રાર કેફિનટેક ટેકનોલોજીસ લિ. છે. વિપ્રોના બોર્ડે 16 એપ્રિલે 2026 બાયબેક પ્રોગ્રામને મંજુરી આપી હતી. કંપનીએ બાયબેકની કિંમત શેરદીઠ રૂ. 250 નક્કી કરી છે. પ્રમોટર્સ અને પ્રમોટર જુથના સભ્યો પણ બાયબેકમાં બાગ લેવા જઈ રહ્યા છે.

કંપની લગભગ 3 વર્ષ પછી શેર બાયબેક કરી રહી છે. છેલ્લુ બાયબેક જુન 2023માં કરવામાં આવ્યું હતું. તે સમયે એ 22 જુનથી 30 જુન વચ્ચે 12000 કરોડ રૂપિયાના શેર પાછા ખરીદ્યા હતા. તેણે 26.69 કરોડ ઈક્વિટી શેર હસ્તગત કર્યા હતા. બાયબેકની કિમત શેરદીઠ રૂ. 445 હતી. વિપ્રોની બાયબેક ઓફર હેઠળ, નાના શેરહોલ્ડરો માટે અનામત કેટેગરીમાં પાત્ર શેરહોલ્ડરો રેકોર્ડ તારીખ 5 જુન તેમના દ્વારા રાખવામાં આવેલા દરેક 56 ઈક્વિટી શેર માટે 11 ઈક્વિટી શેર ટેન્ડર કરી શકે છે. સામાન્ય કેટેગરીના શેરહોલ્ડરો રેકોર્ડ ડેટ પર તેમના દ્વારા રાખવામાં આવેલા દરેક 197 શેર માટે 10 ઈક્વિટી શેર ટેન્ડર કરી શકે છે.

બાયબેક પછી વિપ્રો 24 જુન સુધીમાં મંજુરી અથવા સ્વીકારવામાં ન આવેલા શેરો પરત કરશે. જો તમે શેરહોલ્ડર છો અને બાયબેકમાં ભાગ લઈ રહ્યા છો, તો તમારૂં ડિમેટ એકાઉન્ટ સક્રિય અને અનબ્લોક હોવું જોઈએ.

જોકે, વિપ્રોના બાયબેકમાં રિટેલ રોકાણકારોના હિસ્સામાં 50 ટકાથી ઓછો રહેવાની સંભાવના છે.

યુએસમાં ફુગાવાનો વિસ્ફોટ

ઇરાન યુદ્ધના કારણે મોંઘવારી ત્રણ વર્ષની ટોચે

મુંબઈ, તા. 11: ઈરાન સાથે છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઉર્જા સંકટ ઘેરું બન્યું છે, જેની સીધી અસર અમેરિકી અર્થતંત્ર પર જોવા મળી રહી છે. બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સના તાજેતરના ડેટા અનુસાર, મે મહિનામાં અમેરિકાનો ફુગાવો (મોંઘવારી દર) વાર્ષિક ધોરણે ૪.૨% ની સપાટીએ પહોંચી ગયો છે, જે ૨૦૨૩ ની શરૂઆત પછીનો સૌથી વધુ છે.

અહેવાલ મુજબ, એકંદર મોંઘવારીમાં અડધાથી વધુ વધારો એનર્જી ખર્ચ અને ખાસ કરીને ગેસોલિનના ભાવમાં થયેલા ૭% ના ઉછાળાને કારણે થયો છે. જોકે, રાહતની વાત એ છે કે કરિયાણાના ભાવમાં માત્ર ૦.૧% નો સામાન્ય વધારો થયો છે, કારણ કે બીફ, ટામેટા અને ચીઝ જેવી ચીજો સસ્તી થઈ છે.આ આર્થિક આંચકાએ અમેરિકનોની કમાણી પર મોટો પ્રહાર કર્યો છે. વેતનની સરખામણીએ મોંઘવારી ઝડપથી વધતા વાસ્તવિક સરેરાશ કલાકદીઠ આવકમાં ૦.૭% નો ઘટાડો નોંધાયો છે, જે ત્રણ વર્ષનો સૌથી મોટો ઘટાડો છે. અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યા છે કે આગામી સમયમાં ખાતર અને પરિવહન ખર્ચ વધવાથી અનાજ અને અન્ય વસ્તુઓ પણ મોંઘી થઈ શકે છે, જેને પગલે ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં વધારો કરે તેવી પૂરી સંભાવના છે. આ વધતી મોંઘવારી આગામી નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે મોટો રાજકીય પડકાર બની શકે છે.

એન્થ્રોપિકના નવા એઆઈ મોડલથી આઈટી સેકટરમાં હલચલ મચી ગઈ

ભારતીય આઇટી શેરોમાં ભારે વેચવાલીનું દબાણ સાથે લાલ નિશાનમાં સરક્યું

મુંબઈ, તા. 11: આઈટી કંપનીઓના શેરોમાં આજે પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું અને લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. ઓવરઓલ બજાર પાછું ફર્યું હતું અને પોઝિટિવ રહેવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પણ આઈટી શેરોની વેચવાલીના દબાણે બજાર ઉપર પણ દબાણ લાવ્યું હતું.

વૈશ્વિક ટેક કંપનીઓના શેરોમાં નબળાઈ અને સતત મજબૂત એઆઈ મોડલ અંગે વધતી જતી ચિંતાઓના કારણે ભારતીય આઈટી શેરો વધુને વધુ તૂટી રહ્યા છે. એન્થ્રોપિકે તાજેતરમાં ક્લાઉટમ ફેબલ5 લોન્ચ કર્યુ હતું, જેના કારણે આઈટી સેકટરમાં હોબાળો મચી ગયો છે.

એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે, આઈટી સર્વિસ ઉદ્યોગને સંપૂર્ણપણે બદલી શકે છે. આઈટી સેકટરની દિગ્ગજ કંપનીઓ, મિડકેપ કંપનીઓને એઆઈ મોડલનું ગ્રહણ લાગ્યું છે અને વેચવાલ ચાલુ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એન્થ્રોપિકે આજરોજ ક્લાઉડ ફેબલ5 નામનું નવું મિથોસ ક્લાસ એઆઈ મોડલ રજૂ કર્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર આ મોડલ સોફ્ટવેર એન્જિનિયરીંગ અને માહિતી કાર્યની ક્ષમતામાં મોટો સુધારો બતાવશે, તે મોટાપાયે કંપનીઓને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે.

આ લોન્ચ પછી મજબૂત એઆઈ મોડેલો પહેલાથી અસ્તિત્વમાં રહેલા આઈટી ઉદ્યોગને કેટલી અસર કરી શકે છે તે વિશે ચર્ચા તીવ્ર બની ચૂકી છે અને રોકાણકારો આઈટી-ટેકનો કંપનીઓથી દૂર થવા જઈ રહી છે. બ્રોકરેજ હાઉસ પણ કહી રહ્યા છે કે, આઈટી ઉદ્યોગ 9થી 10 ક્વાર્ટર સુધી દબાણમાં રહી શકે છે. જેથી કંપનીનું મુલ્યાંકન કમાણી કરતા 13થી 14 ગણું ઘટી શકે છે.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૮૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૦૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૯૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૮૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૪૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૩૬૦
સરસીયું તેલ	૨૯૦૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૯૫૨૦
તેજાબી સોનું	૧૪૯૪૩૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૦૫૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૬૫૩૦
સોનાનાં બિસ્કીટ	૧૪૯૫૨૦૦
ચાંદી (૯૯૯)	૨૩૯૫૦૦
ચાંદી સિક્કા	૨૪૧૦૦૦

આર પાવરના પુર્વ સીએફઓની જામીન અરજી ફગાવાઇ

નવી દિલ્હી, તા. 11: દિલ્હી હાઇકોર્ટે રિલાયન્સ પાવર લિમિટેડના પૂર્વ સીએફઓ અશોક કુમાર પાલને 68 કરોડ રૂપિયાની કથિત નકલી બેંક ગેરંટી જારી કરવા સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં નિયમિત જામીન આપવાનો ઇન્કાર કરી દીધો છે. ન્યાયાધીશ મધુ જૈને અશોક કુમાર પાલની જામીન અરજી ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ઇડી દ્વારા તપાસ કરવામાં આવી રહેલા આ કેસમાં તેમને રાહત આપવા માટે કોઇ આધાર નથી. પાલની ઇડી દ્વારા 10 ઓક્ટોબર, 2025ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ 68.2 કરોડ રૂપિયાની બેંક ગેરંટી સાથે સંબંધિત છે, જે રિલાયન્સ□એનર્જ બીઇએસએસ લિમિટેડ દ્વારા સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડને આપવામાં આવી હતી, જે નકલી હોવાનું જણાયું હતું.

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ દીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રકુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્લાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૨૮	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/કેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૮/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૪૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્લાઇટ	---
૧૫૦/૪૮બ્લાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

બેંક ઑફ બડૌદા Bank of Baroda

સુવાલી શાખા : ગ્રામ પંચાયત, જુના ગામ પાસે, પો.સુવાલી, તા.: ચોર્યાસી, જી.સુરત–૩૯૫૪૧૦
Email : vjsuva@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી સરવેન્દ્ર અંબીકા સીંગ (જામીનદાર) :**
પ્લોટ નં.એ–૧૦, રામ કબીર સોસાયટી, ચલથાણ, તા. પલસાણા, જી.સુરત– ૩૯૪૩૦૫.

મહેરબાનશ્રી,
વિષય : **શ્રી પંકજકુમાર શર્મા ખાતા નં.૮૪૭૯૦૬૦૦૦૦૦૧૨૦** દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે
૧) તમને ખબર છે તે પ્રમાણે **તા. ૩૧.૦૧.૨૦૧૯** ના રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી પંકજકુમાર શર્મા ખાતા નં.૮૪૭૯૦૬૦૦૦૦૦૧૨૦** ની પાસેથી **રૂા.૧૭.૦૦ લાખ** તેના ઉપરના વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે. (શુન્ય)
૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી જામીનદારને **તા.૦૩.૦૬.૨૦૨૬** સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને સીસી/ટીએલની બાકી રકમ **રૂા.૧૬,૦૫,૫૦૮.૫૨ (રૂા.સોળ લાખ પાંચ સો આઠ અને બાવન પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૦૩.૦૬.૨૦૨૬** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).
૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.
૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.
૫. અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલ્મ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી.
૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૦૩.૦૬.૨૦૨૬ I સ્થળ : સુરત અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા, સુવાલી શાખા.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૩૦૦૦૩૧ દેલી : +૯૧ ૪૪ ૪૫૨૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૨૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હત